Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



SHRI ATMANAND PRAKASH

## ઈન્દ્રિયોના ભોગો

જ્યાં સુધી આપણી જીવનદૃષ્ટિ એવી હોય છે કે ઇન્દ્રિયોમાં સુખો જેમ વધારે ભોગવીએ તેમ વધારે સંસ્કારી, તેમ વધારે ઊંચા; તો એ જીવનદૃષ્ટિ વહેલે કે મોડે અશાંતિ તરફ લઇ જનારી નીવડશે. યુનેસ્કોની પ્રસ્તાવનામાં એમ લખાયું છે કે 'યુદ્ધ મનુષ્યના ચિત્તમાં શરૂ થાય છે એટલે શાંતિના સીમાડાઓ પણ ચિત્તમાંથી જ શરૂ થવા જોઈએ.' ઇન્દ્રિય સુખોને જીવનનું પરમ ધ્યેય માનનાર માણસ ભાગ્યેજ ચિત્તશાંતિ અનુભવી શકવાનો છે. આ બાબતમાં હિંદુ, જૈન, બૌદ્ધ, વગેરે ધર્મોની દૃષ્ટિ ઘણી રીતે એક સરખી છે. આ બધા ધર્મોએ ઇન્દ્રિયસુખને મર્યાદિત સુખ ગણાવ્યું છે, એટલું જ નહિ પણ, ભોગો ભોગવાતા નથી પણ એની મર્યાદાની બહાર ગયા પછી ભોગો જ આપણને ભોગવે છે

भोगो न भुक्ता वयमेव भुक्ताः
तृष्णा न जीर्णा वयमेव जीर्णाः ।

આમ ઉચ્ચ સ્વરે કહ્યું છે

મનુભાઈ પંચોળી

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર
પુસ્તક ૫૭
અંક ૪
મહા
સં. ૨૦૧૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषयानुक्रम


| | | | |
|---|---|---|---|
| १. | सुभाषित | | ४५ |
| २. | प्रभु–भजन | ( મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી ) | ४६ |
| ૩. | પ્રભુ નયનામૃત નૂર–પાન | ( પાદરાકર ) | ४७ |
| ૪. | ચૈત્યવંદન–ચતુર્વિંશતિકા ( સાનુવાદ ) | ( પં. શ્રી સુશીલવિજયજી ગણિ. ) | ४८ |
| ૫. | કસ્તૂરી મૃગ | ( શ્રી બાલચંદ હીરાચંદ "સાહિત્યચંદ્ર" ) | ४९ |
| ૬. | આચારાંગસૂત્ર ( ૬ ) | ( અનુ૦ કાં. જે. દોશી ) | ૫૧ |
| ૭. | કેટલીક સંગહણી( સંગ્રહણી ) | ( શ્રી. હીરાલાલ ર. કાપડિયા ) | ૫૫ |
| ૮. | સ્વીકાર | | ટા. પે. ૨ |


# સ્વીકાર

**૧. જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ :** ( ખંડ ૧, સાર્વજનીન સાહિત્ય ) પ્રણેતા શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. પ્રકાશિકા શ્રી મુક્તિકમળ જૈન–મોહનલાલ–વાડેદરાના કાર્યવાહક શ્રી ભાલચંદ નંદલાલ વકીલ. ક્રાઉન સોળપેજી પૃષ્ઠ ૫૫૬ મૂલ્ય રૂપિયા છ.

"જૈન સાહિત્યસ્વામીઓએ માત્ર જૈન આગમો તથા દર્શનશાસ્ત્રને લગતું જ સંસ્કૃત સાહિત્ય રચ્યું છે, બીજા વિષયો કે જૈનેતર સાહિત્યમાં તેઓએ ચંચુપ્રવેશ નથી કર્યો." એવો એક ભ્રમ કેટલાક સમયથી પ્રવર્તતો હતો તેને નિર્મૂલ કરવા માટે પ્રયાસ કરવાની પરમપૂજ્ય સાહિત્યપ્રેમી મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજશ્રીને પ્રેરણા થઈ અને તેઓશ્રીએ આ કામ જાણીતા વિદ્વાન શ્રી હીરાલાલભાઈ કાપડિયાને કાર્ય સોંપ્યું, જે તેઓશ્રીએ સુંદર રીતે પાર પાડયું છે. આ પુસ્તકમાં જૈનાચાર્યોએ તેમજ અન્ય મુનિવર્યોએ જે જે જનભોગ્ય સંસ્કૃત કૃતિઓ રચી છે તેની વિસ્તૃત માહિતી આપી છે. ઉપોદ્‌ઘાતમાં વિદ્વાન લેખકશ્રીએ અને બે બોલમાં પ્રેરક વિદ્વાન મુનિરાજશ્રી યશોવિજયજીએ આ વિષયની સુંદર છણાવટ કરી સારો ન્યાય આપ્યો છે. સંસ્કૃત સાહિત્યના અભ્યાસકો માટે શ્રી મુક્તિકમલ મોહનમાળાનું આ અઠ્ઠાવનમું પુષ્પ વસાવી લેવા જેવું છે. આ ગ્રંથનો બીજો ખંડ પણ તાત્કાલિક પ્રગટ થાય તેમ ઇચ્છીએ છીએ.

**૨. આર્હતધર્મપ્રકાશ** (જૈન ધર્મ)––લેખક શતાવધાની મુનિરાજશ્રી કીર્તિવિજયજી મહારાજ. પ્રકાશક–શ્રી આત્મકમલ–લબ્ધિસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર–દાદર પૃષ્ઠ ૮૦–આકર્ષક બાઈડીંગ.

"જૈન ધર્મ" શું છે ? તેમાં શી વિશિષ્ટતા છે ? તેવું જાણવાની જિજ્ઞાસા દિવસે દિવસે વધતી આવે છે તેવા સમયમાં પૂજ્ય મુનિરાજશ્રીએ આ દિશામાં સારો પ્રયાસ કર્યો છે. ગુજરાતી ભાષામાં આ પુસ્તિકાની આ ત્રીજી આવૃત્તિ છે. વિવિધ ભાષાઓમાં આ પુસ્તિકાની અત્યારસુધીમાં ૫૭૨૫૦ નકલો પ્રસિદ્ધ થઈ છે. આ સંક્ષિપ્ત પુસ્તિકામાં આત્મા, કર્મ, જૈનસાધુ, ઇશ્વરોપાસના, સ્યાદ્વાદ, ષડ્‌દ્રવ્ય, જૈનધર્મ વિગેરે વિષયોનું મુદ્દાસર વિવેચન કરવામાં આવેલ છે. મુનિરાજશ્રી આવા નાના ટેકરો દ્વારા જનસમાજોપકાર કરી રહ્યા છે. અમો તેઓશ્રીના પ્રયાસને આવકારીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री आत्मानंद प्रकाश

વર્ષ ૫૭ મું ] મહા તા. ૧૫-૨-૬૦ [ અંક ૪

## सुभाषित

दग्धं खाण्डवमर्जुनेन बलिना दिव्यैर्द्रुमैः सेवितं
दग्धा वायुसुतेन रावणपुरी लंका पुनः स्वर्णभूः ।
दग्धः पञ्चशरः पिनाकपतिना तेनाप्ययुक्तं कृतं
दारिद्र्यं जनतापकारकमिदं केनापि दग्धं न हि ॥

દિવ્ય વૃક્ષોથી ભરેલું ખાંડવ વન બળવાન અર્જુને બાળી નાખ્યું, પણ તેમાં એણે શું સારું કર્યું ? વાયુપુત્ર હનુમાને રાવણની સુવર્ણપુરી લંકા બાળી નાખીને પણ શું સારું કર્યું ? પિનાકપાણિ શંકરે કામદેવને બાળી નાખ્યા એમાં પણ એમણે કંઈ સારું કર્યું નથી. બાળી નાખવા યોગ્ય તો જનોને સંતાપ આપનારી આ ગરીબાઈ—દારિદ્રય છે, પણ એ ગરીબાઈને તો કોઈએ પણ બાળી નહિ !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ—ભજન

( રાગ—મારા પ્રેમી પંખીડા સહુ આવજો સાથ )

મારા પ્રેમી પંખીડા સહુ આવજો સાથ—જંગલમાં મારી ઝુંપડી
કોઈ સાથે આવે તો તેડી લાવજો હો રાજ—જંગલમાં મારી ઝુંપડી

[ સાખી ]

નિરમળ જળમાં ઝીલતાં, કરશું અમીરસપાન
ભોજનીયામાં ભાવતાં, ભજશું શ્રી ભગવાન
કાયા પિંજરના પ્રેમથી પખાળશું હો રાજ—જંગલમાં મારી ઝુંપડી

[ સાખી ]

કોટી જનમના પુન્યથી, મળ્યો મનુષ્ય અવતાર
ભાવે ધરી પ્રભુ નવ ભજ્યા, લાખો વાર ધિક્કાર
તુંહી **વીર** તુંહી **વીર** એમ બોલશું હો રાજ—જંગલમાં મારી ઝુંપડી

[ સાખી ]

પ્રેમ વિના પ્રભુ નવ રીઝે, મુક્તિ કદિ નવ થાય
પૂરણ પ્રેમજ હોય તો, મુક્તિ માર્ગ જવાય
પ્રેમ દરિયામાં નાવડું ઝુકાવજો હો રાજ—જંગલમાં મારી ઝુંપડી

[ સાખી ]

એક પળ જાયે લાખની, લહીયો રૂડો લ્હાવ
જો જો આ ભવ ભૂલતાં, મળશે નહિ ફરીવાર
લક્ષ્મીસાગરની વિનંતિ છે, હો રાજ—જંગલમાં મારી ઝુંપડી
ખોટી લાગે તો પાછી લાવજો હો રાજ—જંગલમાં મારી ઝુંપડી

રચયિતા—મુનિરાજ શ્રી લક્ષ્મીસાગરજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# — પ્રભુ નયનામૃત નૂર–પાન —

( રાગ–ઝીણા ઝરમર વરસે મેહ– )

જેણે પીધાં છે પ્રેમળ નૂર–પ્રભુ નયનામૃતનાં !
જેણે દીધાં છે દિલના દાન, પ્રભુ ચરણાતલમાં !
તોડી જગ બંધન સંધાના, પ્રભુથી તારે તાર રે !
પલ પલ પ્રેમ પરમપર બ્રહ્મના–બજ્યે હૃદય સિતાર–પ્રભુ નયનામૃત

પ્રભુ નૂર પીધેલી આંખો–નિર્મળ ને નિર્દોષ રે !
નીતરે ભક્તિ દયા દીનતા–પ્રભુ સ્મરણો બેહોસ ! પ્રભુ–

પ્રભુ નયનામૃત સાગર પીધા, ડૂબ્યા એ મજધારરે !
લાડીલાં પ્રભુનાં સંતનીઆં, મસ્ત સહેજ ગમાર– પ્રભુ–

આંખે ઘેન પરમ ભક્તિનાં, રગ રગ વહે રસધારરે !
લાડીલાં પ્રભુનાં સંતનિઆં, તું તુંના ગુંજાર ! પ્રભુ–

દિલનાં દાન પ્રભુને દીધાં, અર્પાયા સર્વાંગીરે !
નિજનું દેઇ નિજત્વ પ્રભુને, પીધી ત્યાગની ભોગ ! પ્રભુ–

મ્હારું ત્હારું રાગ દ્વેષ ને, માન વળી અપમાનરે !
પ્રભુચરણો સૌ ધરી, દીનતા ધારે આઠે જામ ! પ્રભુ–

વિકલ્પ ને વ્યાકુળતા વર્જે, ભય શંકાનો ત્યાગરે !
વિશ્વ બાલુડા સહુ પ્રભુનાં, ભેદ ન દ્વેષ ન રાગ ! પ્રભુ–

અગમ્ય યોગીજનોને દુર્ઘટ–સેવા ધર્મ સ્વીકારરે !
ભક્તિ પ્રભુની પ્રફુલ્લ હૈયે, બજવે સેવા સિતાર– પ્રભુ–

એનાં હાસ્ય ગુલાબ પ્રફુલ્લે–જગત્ હસાવણહારરે–
કરમાતા ન કદી અજરામર–બની કરાવણહાર– પ્રભુ–

સાચા ભક્તજ સાચા સંતલ–સાચાં પ્રભુનાં બાલરે !
એ ચરણે મણિ વન્દન નિત્યે–પરમ પ્રેમ પ્રતિપાળ– પ્રભુ–

**પાદરાકર**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# चैत्यवंदन चतुर्विंशतिका

ભાવાર્થકાર-પંન્યાસ શ્રી સુશીલવિજયજી ગણી

( અનુસંધાન પુસ્તક ૫૭ ના પૃષ્ઠ ૩૬ થી ચાલુ )

## द्वाविंशतितमतीर्थङ्कर—

## श्रीनेमिनाथजिनेन्द्र-चैत्यवन्दनम् [ २२ ]

( उपजाति-छन्दः )

विशुद्धविज्ञानभृतां वरेण, शिवात्मजेन प्रशमाकरेण ।
येन प्रयासेन विनैव कामं, विजित्य विक्रान्तनरं प्रकामम् ॥ १ ॥

નિર્મળ વિજ્ઞાનને ધારણ કરવામાં શ્રેષ્ઠ એવા, પ્રશમના આકાર( ખાણ )એવા જે શિવાદેવીના નંદન નેમિનાથે લીલામાત્રથી જગતને આક્રમણ કરનાર કામદેવને અત્યંત જીતીને....(૧)

विहाय राज्यं चपलस्वभावं, राजीमतीं राजकुमारिकां च ।
गत्वा सलीलं गिरिनारशैलं, भेजे व्रतं केवलमुक्तियुक्तम् ॥ २ ॥

તથા ચપળ સ્વભાવવાળા રાજ્યને છોડીને રાજીમતી નામની-રાજકુમારિકાને પરિહરીને લીલાપૂર્વક ગિરનાર પર્વત પર જઇને જેને દીક્ષા, કેવલ અને મોક્ષને પ્રાપ્ત કરેલ છે એવા... (૨)

निःशेषयोगीश्वरमौलिरत्नं, जितेन्द्रियत्वे विहितप्रयत्नम् ।
तमुत्तममानन्दनिधानमेकं, नमामि नेमिं विलसद् विवेकम् ॥ ३ ॥
( त्रिभिर्विशेषकम् )

સમગ્ર યોગીશ્વરરૂપી મુકુટોમાં રત્ન સમાન, જિતેન્દ્રિયપણામાં જેમણે પ્રયત્ન કર્યો છે એવા, ઉત્તમ આનંદના નિધાન અને જેનો વિવેક વિલાસ પામી રહ્યો છે એવા તે અદ્વિતીય નેમિનાથ પ્રભુને હું નમન કરું છું. (૩)

For Private And Personal Use Only

# કસ્તૂરી મૃગ

( જ્ઞાનની આંખ ઉઘડે તો જ સત્ય શું છે તે ઓળખાય છે )

( મદિરા છંદ )

કસ્તૂરી નિજ નાભીમાં છે એ ન જાણતા વને વને
સુગંધ કાજે ભમતો મૃગલો દુઃખ ધરે છે નિત્ય મને
ઘણું વિચારો તો એ નિરાશા અનુભવતો એ નિત્ય ફરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૧

દીવો હાથે ઝાલી ફરતો દિવાસળી માટે કોઇ
ઘર ઘર ભટકે પણ નિજ દીવો આંખથકી ન શક્યો જોઇ
રવિ પૂછે છે પ્રકાશ ક્યાંથી આવે છે તમ કોણ હરે ?
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૨

શશિ પૂછે છે જ્યોત્સ્ના શીતલ પ્રગટાવે છે કુણ જગમાં
સાગર માગે લવણુ આપજો ચપટી મુજને અંજલિમાં
બાલકને નિજ કેડે ઝાલી શોધતો સહુ ગામ ફરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૩

રાજા માગે ભીખ આપજો કટકો ખાવા ભૂખ્યાને
રત્નાકર માગે છે કેવું રત્ન દાખવો એક મને
કાળ અનંતો ગયો એહવો અજ્ઞપણાની રાત અરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૪

કોણ અને હું ક્યાંથી આવ્યો ક્યાં જાઉં છે મને હવે
એ નહીં જાણે જગમાં ભટકે જ્યાં ત્યાં પૂછે મુખે લવે
નિજને ઓળખ આત્મા તું છે જ્ઞાનવંત આનંદ ધરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણુ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૫

દેહ માહરો સગા માહરા ઘર મારું છે હું એનો
મોહ પટલ ને તિમિર અવિદ્યા ઢાંકે સહુ અંધાર ઘણો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્યારે ટળશે રાત્ર મોહિની દિવસ ઊગશે એ ક્યારે ?
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૬

દાખવજો કોઇ સંત અંધને માર્ગ સરળ મુજ આત્મતણો
જેથી હું પોતાને જાણું સચ્ચિદ્રૂપે જ્ઞાન ગુણો
ભૂલાએ સહુ જડતા મનની પ્રગટ રૂપ મન શાંતિ ધરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે ૭

જગ નહીં મારું હું નહીં જગનો સ્વતંત્ર આત્મા હું સાચો
અહંગડથી હું રખડ્યો છું તેથી હજુએ પણ કાચો
સદ્‌ગુરુચરણે બાલેન્દુની વિનતિ એક મુજ મોહ હરે
જ્ઞાનચક્ષુ ઉઘડ્યા વિણ ક્યાંથી સત્ય જણાએ વસ્તુ ખરે. ૮

કવિ—સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ

सीदन्ति सन्तो विलसन्त्यसन्तः
दाता दरिद्रः कृपणो धनाढ्यः ।
अन्येषु मैत्री स्वजनेषु वैरम्
पश्यन्तु लोकाः कलिकौतुकानि ॥

ઉપજાતિ

સંતો દુઃખી દુષ્ટ સુખી જણાતા,
લાખોપતિ લોભી દરિદ્ર દાતા;
શત્રુ સગા અન્ય મનુષ્ય મિત્ર,
જુઓ કલિકૌતુક આ વિચિત્ર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આચારાંગ સૂત્ર (૬)

લે. પં. દલસુખ માલવણિયા

## લોકસાર :

આચારાંગસૂત્રના પાંચમા અધ્યયનનું નામ **લોકસાર** છે. તેનું બીજું નામ **आवन्ती** છે. કારણ કે પહેલા ત્રણ ઉદ્દેશાની શરૂઆત **आवन्ती** શબ્દથી થાય છે. ધર્મ જ લોકમાં સારભૂત તત્ત્વ છે. ધર્મનો સાર જ્ઞાન છે, જ્ઞાનનો સાર સંયમ છે, અને સંયમનો સાર નિર્વાણ છે. આ વાતોનું વિવરણ આ અધ્યયનમાં વિસ્તારથી કરવામાં આવ્યું છે. આ અધ્યયન છ ઉદ્દેશમાં વહેંચાયેલું છે.

પહેલા ઉદ્દેશના પહેલા સૂત્રમાં નાગાર્જુનીય પાઠ છે× તે અધિક સ્પષ્ટ છે. બન્ને પાઠનું તાત્પર્ય તો એટલું જ છે કે " પ્રયોજનથી કે વગર પ્રયોજને જે જીવોની હિંસા કરે છે, તે તે જીવોની વચ્ચે ભ્રમણ કરતા કરતા દુઃખનો અનુભવ કરે છે. " કેમકે આ કામ ઘણું ભારે છે, તેથી તે જીવો સંસારને પાર કરી શકતા નથી, તેઓની વચ્ચે જ પરિભ્રમણ કરે છે અને મોક્ષથી દૂર છે. તેથી આગળ એક ગૂઢ સૂત્ર છેઃ— " **नेव से अन्तो, नेव से दूरे** " અર્થાત્ તેઓ અંદર પણ નહીં અને દૂર પણ નહીં. ટીકાકારોએ આ વાક્યના કેટલાયે અર્થો આપ્યા છે. પ્રસંગ પ્રમાણે એ ઉચિત છે કે જીવ કામભોગની વચ્ચે રહેતા છતાં તે બધા ભોગ ભોગવી શક્તો નથી, તેથી તેનું તેઓની વચ્ચે રહેવું, તે ન રહેવા બરાબર છે અને તે ભોગ અભિલાષા-ભોગોની ઇચ્છાનો ત્યાગ પણ કરી શક્તો નથી, તેથી તે તે ભોગોથી દૂર પણ નથી. આગળનું આ સૂત્ર પણ માર્મિક છેઃ—" **संसयं परियाणओ संसारे परिन्नाए भवइ, संसयं अपरियाणओ संसारे अपरिन्नाए भवइ** " અર્થાત્ જેણે સંશય–પ્રશ્નનું પરિજ્ઞાન કરી લીધું તેનો સંસાર પણ પરિજ્ઞાન –છૂટી જાય છે અને જેણે સંશયનું પરિજ્ઞાન નથી કર્યું, તેનો સંસાર પણ અપરિજ્ઞાત રહે છે. સંસારમાં એવા અનેક જીવ છે જેમના મનમાં પોતાના સાંસારિક જીવનના વિષયમાં કદિ પ્રશ્ન જ ઉઠતો નથી, તો તે સંસારને કેવી રીતે પાર કરી શકે ? સાધનાની શરૂઆત જ સંશયથી થાય છે. આ બધું શા માટે અને કોના માટે છે ? જો આવો સંશય પોતાના મનમાં ન ઊઠે, તો સંસારના અંતનો સંભવ નથી. આ વાતને બૌદ્ધ વિદ્વાન આર્યદેવે બહુ સુંદર રીતે કરી છે :—

**अस्मिन् धर्मेऽल्पपुण्यस्य सन्देहोऽपि न जायते।**
**भयः सन्देहमात्रेण जायते जर्जरीकृतः॥ चतुःशतक**
૮. ૫.

અર્થ–"આ ધર્મમાં—પોતાના સ્વરૂપ વિષે અલ્પ પુણ્યશાળી-મિથ્યાત્વીને સંદેહ થતો નથી. સંદેહ ઉત્પન્ન થતાં જ સંસાર જીર્ણશીર્ણ–નષ્ટપ્રાય થઈ જાય છે.

આગળ કહ્યું છે કે જે છેક નિપુણ છે તે સાગારિય*–મૈથુનનું સેવન કરતો નથી. સેવન કરીને છુપાવવું એ તો મંદપુરુષની બીજી બાલિશતા–મૂર્ખતા છે.

× ટીકાકારે આ પાઠ ઉદ્ધૃત કર્યો છે–આચારાંગ ટીકા પૃ. ૧૮૦ ચૂર્ણીકારે તો विपरामुसन्ति શબ્દના હિંસા અર્થના સમર્થનમાં આ પાઠ આપ્યો છે. પૃ. ૧૫૭

* " आगारेहिं सहभवतीति सागारियं मेहुणं "— આ૦ ચૂ૦ પૃ. ૧૬૦' નાગાર્જુનીય પાઠમાં सागारियं શબ્દ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંઘથી જુદા પડીને વિચરણ કરનારાઓની બાબતમાં કહેવામાં આવ્યું છે કે "અશરણને પણ શરણ માનીને આસક્ત જીવ પાપકર્મોમાં રમણ કરે છે."

અન્તમાં કર્મકાંડીના વિષયમાં કહ્યું છે કે– "હે માનવ, પ્રજા આર્ત–પીડિત છે, કર્મ–કોવિદ કર્મમાં કુશળ છે. પરંતુ જે વિરત થતા નથી અને 'અવિદ્યા–અજ્ઞાનથી મોક્ષ મળે છે' એમ જે કહે છે તે સંસારમાં જ પરિભ્રમણ કરે છે. આ આક્ષેપ સ્પષ્ટ રીતે વૈદિક કર્મમાર્ગમાં માનનારાઓ ઉપર કરવામાં આવ્યો છે. તેઓને કર્મમાં તત્ત્વજ્ઞાન કરતા કર્મમાર્ગ ઉપર વધારે વિશ્વાસ છે તેથી તેઓમાં જ્ઞાનોપાસના પણ નથી અને જ્ઞાનજન્ય વિરતિ પણ નથી.

બીજા ઉદ્દેશમાં વિરત–ત્યાગી મુનિનું વર્ણન કરતાં કહ્યું છે કે "લોક–સંસારની વચ્ચે રહીને પણ તેઓ હિંસાજીવી નથી, તેઓએ જાણી લીધું છે કે આ શરીરથી મુક્ત થવાને માટે આ જ અવસર છે. પ્રત્યેક જીવને પોતાના સુખદુઃખ છે, તેની પોતાની ઇચ્છા છે એટલા માટે જીવોની હિંસા ન કરે, તેને પીડા ન કરે, પરંતુ જે દુઃખ આવે તેને સમભાવપૂર્વક સહન કરે, એ જ શાંતિ માર્ગ છે.

અંતમાં પરિગ્રહને પાપ ગણાવતા કહ્યું છે કે "પરિગ્રહ અલ્પ હોય કે ઘણો, સચિત્ત–સજીવ હોય કે અચિત્ત–નિર્જીવ હોય, પરંતુ તે મહાભય છે. તેના ત્યાગીને પરમચક્ષુ–દિવ્યદૃષ્ટિવાળો કહ્યો છે અને અપરિગ્રહમાં બ્રહ્મચર્યની સંભાવના બતાવી છે."

ત્રીજા ઉદ્દેશની શરૂઆતમાં અપરિગ્રહની ચર્ચા છે. અને ઉપદેશ છે કે વીર્ય–શક્તિને છુપાવવું ન જોઈએ. પોતાના કામાસકત આત્માની સાથે યુદ્ધ કરવું જોઈએ, બાહ્યયુદ્ધનું શું પ્રયોજન છે?– આ આર્ય યુદ્ધ દુર્લભ છે. બાહ્ય શત્રુઓ સાથે લડવું એ તો અનાર્ય યુદ્ધ છે.

"જે સમ્યક્ છે તે જ મુનિપણું છે અને જે મુનિપણું છે તે જ સમ્યક્ છે એમ જાણો."–આ સૂત્ર નિશ્ચયનયથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતાનો નિર્દેશ કરે છે. આ જાણવું, એ લોકોને માટે સંભવિત નથી કે જેઓ શિથિલાચારી અને વક્રસમાચારી છે, પ્રમત્ત અને ગૃહવાસી છે.

ચોથા ઉદ્દેશની શરૂઆતમાં અવ્યક્ત–અપંડિત અને અપકવ–અનુભવહીન ભિક્ષુની એકાકી ચર્યાને દુર્યાત અને દુષ્પરાક્રાન્ત–અયોગ્ય કહી છે. અને ગુરુ-આજ્ઞાના પાલનનો ઉપદેશ આપવામાં આવ્યો છે. અને અન્તમાં સ્ત્રીસંગથી થનાર દોષોનું અને તેના નિવારણના ઉપાયોનું વર્ણન છે. ઉક્ત પ્રસંગમાં એક માર્મિક વાકય છે–"લોકમાં સ્ત્રીઓ પરમારામ છે"–ટીકાકાર **પરમારામ** નો અર્થ પરમ મોહ કરે છે.

પાંચમા ઉદ્દેશની શરૂઆતમાં મહર્ષિઓનો પરિચય આપતાં કહ્યું છે કે–"સમતલ ભૂમિમાં રહેલ એક જળાશય છે. જે સ્વયં પરિપૂર્ણ છે, ઉપશાંતરજ છે, અને જળમાં રહેનાર જીવોનું સંરક્ષક છે. મહર્ષિ પણ એવા જ છે, જે બધી રીતે ગુપ્ત છે, પ્રજ્ઞાવંત છે, પ્રબુદ્ધ છે, હિંસાથી વિરત છે. તેમને સમ્યક્ પ્રકારે જુઓ કે તેઓ એવી રીતે સમાધિકાળની આકાંક્ષા કરતા વિચરણ કરે છે.

શ્રદ્ધાને દૃઢ કરવા માટે ઉપદેશ છે કે "જે વિચિકિત્સાસમાપન્ન—સંશયશીલ છે, તેને સમાધિલાભ નથી થતો. તેથી એ નિઃશંક છે કે જે તીર્થંકરોએ પ્રતિપાદન કર્યું છે તેમાં શ્રદ્ધા કરવી આવશ્યક છે. આગળ અહિંસાનો ઉપદેશ છે કે—"જેને તું હન્તવ્ય—મારવાને યોગ્ય માને છે, તે તું જ છે" આ પ્રતિબોધક આધાર ઉપર જીવન ચલાવનાર કદિ કોઈપણ પ્રાણીની હિંસા કરતો નથી, ઘાત કરતો નથી.

આત્મા અને વિજ્ઞાનનો અભેદ તથા આત્માને વિજ્ઞાતા કહી સાંખ્યના અકર્તૃત્વવાદ અને "બુદ્ધિ પ્રકૃતિના પરિણામ છે"—આ વાદનું નિરાકરણ સૂચિત કરવામાં આવ્યું છે. તથા ન્યાય—વૈશેષિક સંમત દ્રવ્ય—ગુણનો આત્યંતિક ભેદ નિર્ગ્રન્થોને માન્ય નથી, એ પણ જ્ઞાત થાય છે.

છઠ્ઠા ઉદ્દેશની શરૂઆતમાં કહ્યું છે કે—કેટલાક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માણુસો સોત્થાન—સંયમરત છે પરંતુ આજ્ઞાનુસારી નથી, કેટલાક આજ્ઞાનું અનુકરણ કરવાવાળા છે પરંતુ સોત્થાન નથી. હે જીવ ! તું એવું ન કર. મેધાવી—બુદ્ધિમાન પુરુષ આજ્ઞાનું અતિક્રમણ—ઉલંઘન કરતો નથી. મુમુક્ષુ આજ્ઞાનું અનુસરણ કરીને પરાક્રમ કરે છે. સંસારમાં ઉપર નીચે, આજુબાજુ ચારે બાજુ આસક્તિના સ્રોત છે, એમ જાણીને જેઓ વિરત થાય છે તે વેદવિત—જ્ઞાની થાય છે અને પરિણામે જરામરણના માર્ગને પાર કરી જાય છે—મોક્ષમાં જઈને વસે છે. ત્યાં શબ્દની ગતિ નથી, તર્ક ત્યાં પહોંચી શક્તો નથી, અને બુદ્ધિનું અવગાહન તે નથી. ઓજરૂપ છે, નિરાલમ્બ છે. દીર્ઘ, હ્રસ્વ, વૃત્ત, ત્રિકોણ, ચતુષ્કોણ, પરિમંડળ, કૃષ્ણ, નીલ, લોહિત, હારિદ્ર, શુક્લ, સુરભિગન્ધ, દુરભિગન્ધ તિક્ત, કટુ, કષાય, અમ્લ, મધુર, કર્કશ, મૃદુ, ગુરુ—લઘુ, ઉષ્ણ, સ્નિગ્ધ—રૂક્ષ, કાયયુક્ત, પુનર્જન્મયુક્ત, સંગી, સ્ત્રી, પુરુષ અને નપુંસક આ બધામાંથી તે એકે નથી, પરંતુ પરિજ્ઞ અને સંજ્ઞારૂપ છે એટલે કે કેવળ જ્ઞાનરૂપ છે. તેની કોઈ ઉપમા પણ નથી. અરૂપી સત્તા છે, અપદ છે, તેથી તેને માટે કોઈ પદ—શબ્દ છે જ નહિ. પરમાત્માના આ સ્વરૂપની તુલના ઉપનિષદના બ્રહ્મ અને અન્ય દાર્શનિકોના મુક્ત—આત્મા સાથે કરવાથી પ્રતીત થાય છે કે આ બાબતમાં ઘણું કરીને બધા એકમત છે.*

## ધુત

છઠ્ઠું 'ધુત' નામનું અધ્યયન છે. તેના પાંચ ઉદ્દેશ છે. 'ધુત' શબ્દની વ્યાખ્યા કરતા નિર્યુક્તિકારે વસ્ત્રાદિને દ્રવ્યધુત-શુદ્ધ-સાફ-નિર્મળ-કર્યું છે. પરીષહ અને ઉપસર્ગ સહન કરીને કર્મમલનું નિવારણ કરનાર આત્માને 'ભાવધુત'—શુદ્ધ-બુદ્ધ-મુક્ત કહ્યો છે. પ્રસ્તુત અધ્યયનમાં આભ્યન્તર અને બાહ્ય વસ્તુઓના ત્યાગનો અને આત્માને શુદ્ધ કરવાની પ્રક્રિયાનો ઉપદેશ છે. આત્માને શુદ્ધ કરવાની પ્રક્રિયાને 'ધુત' શબ્દથી ઓળખવામાં આવે છે એની સાબિતિ બૌદ્ધ ગ્રન્થોમાં પણ મળે છે. તેમાં પણ 'ધુત' શબ્દનો ઉક્ત નિર્યુક્તિસંમત અર્થ મળે છે, તેમાં ૧૩ અંગોનો સમાવેશ થય છે.

પહેલા ઉદ્દેશમાં પલાશ-પાન તેમજ શેવાળ વગેરેથી છવાયેલ તળાવમાં નિવાસ કરનાર કાચબાનું ઉદાહરણ આપી બતાવ્યું છે કે કેવી રીતે તેને માટે તળાવની બહાર નીકળવું અઘરૂં છે અને બીજું વૃક્ષનું ઉદાહરણ આપી સમજાવ્યું છે કે કેવી રીતે વૃક્ષને માટે પોતાના સ્થાનનો પરિત્યાગ કરી અન્યત્ર ચાલ્યા જવું અઘરૂં છે. તેવી જ રીતે મનુષ્યને માટે પોતાના કુળ-સ્નેહી-સ્વજનોનો પરિત્યાગ કરવો એ અઘરૂં છે. આ મોહપાશમાં બંધાઈને જ રહેવાને કારણે તે કોઢ વગેરે સોળ રોગોમાંથી કોઈ પણ એક કે વધારે રોગોથી વારંવાર આક્રાન્ત થાય છે અને જન્મ મરણની ચક્કીમાં પીસાય છે. તેથી આ બધા દુઃખ આપનારા કારણોને જાણી મનુષ્યે મોક્ષને માટે પ્રયત્નશીલ રહેવું જોઈએ.

બીજા ઉદ્દેશમાં બ્રહ્મચર્યનો સ્વીકાર કરીને તેનો પરિત્યાગ કરનારાઓનો પ્રસંગ છે તેમાં 'વસુ અને અનુવસુ' એ શબ્દપ્રયોગ છે. ચૂર્ણિ અને ટીકાના નીચેના ઉલ્લેખમાં સ્પષ્ટીકરણ છે:—

**वीतरागो वसुर्ज्ञेयो जनो वो संयतोऽथवा ।**
**सरागोऽनुवसुः प्रोक्तः स्थविरः श्रावकोऽपि वा ॥**

એટલે કે 'વસુ' નો અર્થ છે વીતરાગ પુરુષ, તીર્થંકર કે સંયત પુરુષ છે અને સરાગને અનુવસુ કહે છે. તે સ્થવિર કે શ્રાવક હોય છે. 'વસુ' શબ્દ વૈદિક છે અને દેવોના એક વર્ગનું નામ છે. તે વર્ગમાં આદિત્ય વગેરે આઠ નામ છે. શ્રમણપરંપરામાં તેજ શબ્દને અપનાવીને તીર્થંકરને 'વસુ'અને તેનું અનુસરણ કરનારને 'અનુવસુ' કહ્યા છે. એટલું જ નહિ પણ 'વસુ' નો વીતરાગ અર્થ કરીને એ સ્પષ્ટ કરી દીધું છે કે પૂજાની પવિત્રતા વીતરાગત્વને લીધે છે, બીજા કોઈ કારણે નહિ.

'સંયમનો પરિત્યાગ કરનાર બાહ્ય-વેશ વસ્ત્ર, પાત્ર,

* વિશેષ વિવરણ માટે જુઓ પં. સુખલાલજીની 'અધ્યાત્મવિચારણા' પૃ. ૮૬થી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કંબલ, પાદપુંછનક–રજોહરણને છોડી દેતા હતા. તેથી જણાય છે કે સાધુના ઉપકરણોમાં આ વસ્તુઓ હતી. કેટલાક અનગાર–મુનિ એવા પણ હતા કે જે સંયમનો સ્વીકાર કરી પછી એકાગ્રચિત્ત થઈને દરેક જાતની આસક્તિનો પરિત્યાગ કરી, એકત્વ ભાવનાનો સહારો લઈ, દરેક પ્રકારે મુંડ બની અચેલક બની જતા હતા. વસ્ત્રનો પણ ત્યાગ કરી દેતા હતા અને ક્રમેક્રમે આહાર-પાણી ઓછા કરી દરેક પ્રકારના કષ્ટો સહન કરી પોતાના બાકી રહેલા કર્મોનો ક્ષય કરતા હતા. તેઓ ફરી સંસારમાં પ્રવેશ કરતા નથી–જન્મ લેતા નથી.

તીર્થંકરની આજ્ઞા પ્રમાણે કેવળ ધર્મ જ મારો છે, બીજું કંઈ જ નહિ–એ ઉત્તરવાદ મનુષ્યોને બતાવવામાં આવ્યો છે. ઉત્તરવાદની ચૂર્ણિકારે સુંદર વ્યાખ્યા કરી છે. આ વાદ સંસારસાગર પાર કરાવે છે, તેથી તે ઉત્તરવાદ છે. ઉત્તર–શ્રેષ્ઠ છે તેથી ઉત્તરવાદ છે. શ્રેષ્ઠતાનું કારણ એ છે કે મારો ધર્મ–આત્મસ્વભાવ સુખ છે તો દરેકનો સુખરૂપ હોવો જોઈએ. તેથી કોઈને દુઃખ ન દેવું જોઈએ. એ જ ઉત્કૃષ્ટ ધર્મ થયો.

ત્રીજા ઉદ્દેશમાં વસ્ત્રત્યાગ કરનાર ભિક્ષુની પ્રશંસા કરતા બતાવ્યું છે કે તેમને એ વાતની ચિંતા નથી રહેતી કે મારું વસ્ત્ર ફાટી ગયું છે, બીજું નવું વસ્ત્ર લાવવું છે, સોઈદોરો લઈને સીવવું છે વગેરે એવા અચેલ મુનિ વસ્ત્રના અભાવને કારણે પોતાને હળવો અને તપની સહજ પ્રાપ્તિનો ભાગી માની આવનારા કષ્ટોને સમભાવપૂર્વક સહન કરે છે. એવા મહાવીર પુરુષોને જુઓ–જે બધું સહન કરીને મુક્ત થઈ ગયા છે.

ચોથા ઉદ્દેશની શરૂઆતમાં પ્રજ્ઞાવન્ત મહાવીરો દ્વારા શિક્ષિત થવા છતા સંયમ માર્ગથી પતિત થનારા શિષ્યોનું કથન છે. કેટલાક એવા શિષ્યો પણ હોય છે કે જે સંયમથી રહિત થઈને પણ સમ્યગ્ આચારનું નિરૂપણ કરે છે. પરંતુ જ્ઞાન અને દર્શનથી ભ્રષ્ટ સાધુ પોતાના જીવનનો નાશ કરે છે. એવા પુરુષોએ ઘર છોડવું, નિરર્થક છે. તેઓ બાળ છે, ભવચક્રમાં ઘૂમતા રહે છે. તેઓ વિષણ્ણ છે અને વિતર્દ–હિંસક છે. લોકો એવા પથભ્રષ્ટ શ્રમણનો તિરસ્કાર કરે છે. એ બધું સમજીને વીર પુરુષ સંયમ માર્ગમાં પુરુષાર્થ કરે.

પાંચમાં ઉદ્દેશમાં પ્રસંગથી તેની વિવેચના કરવામાં આવી છે કે સાધક ક્યારે, કેવી રીતે ઉપદેશ આપે. ઉપદેશક બધા પ્રકારના કષ્ટોને સહન કરનાર હોવા જોઈએ. બધી દિશાઓમાં રહેનાર પ્રાણીઓ તરફ તેનામાં દયાભાવ હોવો જોઈએ. તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ ધર્મના વિભાગ કરનાર અને વેદવિત્–આગમજ્ઞ (શાસ્ત્રોના જાણકાર) હોવા જોઈએ. તેનો ઉપદેશ બધાને માટે હિતકર હોવો જોઈએ. તે મહામુનિ વધ્યજીવોને માટે અસંદીન–દ્વીપની માફક શરણ બને. ઉત્થિત હોય કે અનુત્થિત પરંતુ સાંભળવાની ઇચ્છાવાળાને તે ધર્મનો ઉપદેશ આપે. તેના ઉપદેશના વિષય આ છેઃ–શાન્તિ–અહિંસા, વિરતિ, ઉપશમ, નિર્વાણ, શૌચ, આર્જવ, માર્દવ અને લાઘવ એવા ઉપદેશક મુનિ સ્વયં સ્થિત–આત્મા, અનાસક્ત અચલ–પરીષહોથી ચલિત ન થાય તેવો-ચલ–સદા વિહાર કરનાર બને છે અને નિર્વાણ પ્રાપ્ત કરે છે. તેમને હિંસક કોઈપણ પ્રકારનો ભય પમાડી શકતો નથી. કેમકે તેણે સ્વયં બધા પ્રકારના શસ્ત્રારંભથી વિરત થઈને ક્રોધ વગેરે કષાયોનો પરિત્યાગ કરી દીધો છે.

સંક્ષેપકાર–મુનિ આઈદાનજી.

અનુવાદઃ કા. જ. દોશી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કેટલીક સંગહણી (સંગ્રહણી)

( લે. પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ. )

આજથી વીસેક વર્ષ ઉપર નિમ્નલિખિત પુસ્તક તૈયાર કરતી વેળા " સંગહણી " વિષે વિચાર કરવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો :—

" A History of the Canonical Literature of the Jainas "

આ પુસ્તક મે ઈ. સ. ૧૯૪૧માં પ્રકાશિત કર્યું હતું. એમાં મેં પૃ. ૪૦, ૧૭૪, ૧૯૮ અને ૨૦૫માં " સંગહણી "ને અંગે તથા પૃ. ૧૭ અને ૨૦૦માં " સંગ્રહણી " વિષે તેમજ પૃ. ૨૦૫માં " સંગહણી-ગાહા " પરત્વે અને પૃ. ૧૨૭ માં " સંગ્રહણી-ગાથા "ના સંબંધમાં કેટલોક નિર્દેશ કર્યો છે.

આગમોનું દિગ્દર્શન નામનું મારું પુસ્તક ઈ. સ. ૧૯૪૮માં પ્રસિદ્ધ કરાયું છે. એમાં પૃ. ૮૦માં " સંગ્રહગાથા " એવો ઉલ્લેખ છે.

ઈ. સ. ૧૯૫૦માં 'પાઈય ( પ્રાકૃત ) ભાષાઓ અને સાહિત્ય' નામનું જે મારું પુસ્તક છપાયું છે તેમાં પૃ. ૧૬૩માં જિનભદ્રગણિ ક્ષમાશ્રમણકૃત સંગહણિની નોંધ છે. એ સમયે એ ગ્રંથ સામે નહિ હોવાથી જિનરત્નકોશ( વિભાગ ૧, પૃ. ૨૮૫ )ના આધારે એમાં ૪૧૯ ગાથા હોવાનો મેં ઉલ્લેખ કર્યો હતો, પણ હાલમાં એ મુદ્રિત ગ્રંથ જોતાં એમાં ૩૬૭ ગાથા છે

ચારેક વર્ષ ઉપર બનારસના "પાર્શ્વનાથ વિદ્યાશ્રમ' તરફથી જૈન સાહિત્યને અંગે ચાર ખંડની યોજના કરાઈ છે. એ સંબંધમાં પ્રથમ ખંડગત " આગમિક પ્રકરણો " તૈયાર કરવાનું મને આમંત્રણ મળતાં જિનભદ્રગણિકૃત સંગહણીનો અને શ્રી ચન્દ્રસૂરિકૃત સંખિત્ત સંગહણિનો પરિચય આપવાનો પ્રસંગ ઉપસ્થિત થયો.

આ પ્રત્યેક કૃતિની ગાથાની સંખ્યાઓ ભિન્ન ભિન્ન જણાતાં એની સમીક્ષા કરાય એ હેતુથી પ્રેરાઇ મેં આ લેખ લખવાનો વિચાર કર્યો.

શબ્દાર્થ અને શબ્દસિદ્ધિ--પાઇયમાં 'સંગહણિ' 'સંગહણી' એમ જેમ બંને શબ્દો છે[1] તેમ સંસ્કૃતમાં પણ 'સંગ્રહણિ' અને 'સંગ્રહણી' એ બંને શબ્દ છે. આ વાતની શ્રીચન્દ્રસૂરિકૃત સંખિત્ત-સંગહણી (ગા. ૨૭૧ )નો વૃત્તિગત નિમ્નલિખિત ઉલ્લેખ સાક્ષી પૂરે છેઃ—

**शास्त्रान्तरेषु प्रज्ञापनादिषु विस्तरेणाभिहिता अर्थाः संक्षिप्य गृह्यन्ते प्रतिपाद्यत्वेनाभिधीयन्तेऽस्यामिति 'ग्रहेरणिः (उ० ६३८) इत्यौणादिकेऽणि प्रत्यये सङ्ग्रहणिः 'इतोऽक्त्यर्थात्' ( सिद्ध० २-४-३२) इति विकल्पेन ङीप्रत्यये च सङ्ग्रहणी ।"**
—પત્ર ૧૨૧ અ-૧૨૧ આ[2]

આ પંક્તિ 'સંગ્રહણી'ના અર્થ ઉપર પણ પ્રકાશ પાડે છે. અહીં કહ્યું છે કે પ્રજ્ઞાપના ( પણ્ણવણા ) વગેરે શાસ્ત્રોમાં જે બાબતો વિસ્તારથી કહેવાઇ છે

---

૧ સંગહણીને બદલે 'સંઘયણી' એવો પ્રયોગ કેટલાંક પ્રકાશનોમાં જોવાય છે તો આ શબ્દ કઈ રીતે શુદ્ધ ગણાય? પાઇયકોશોમાં તો આ અર્થમાં આવો કોઇ શબ્દ જ નથી તેનું કેમ?

૨ આ પત્રાંક દે૦ લા૦ જૈ. પુ. સંસ્થા તરફથી ઇ. સ. ૧૯૧૫ માં મૂળ સહિત પ્રકાશિત આવૃત્તિનો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેનો સંક્ષેપ કરી તે બાબતોનું પ્રતિપાદન કરનારી કૃતિ તે 'સંગ્રહણિ' યાને 'સંગ્રહણી' છે.

જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે જે સંગહણી (ણિ) રચી છે તેના ઉપર મલયગિરિસૂરિએ જે વિવૃત્તિ રચી છે તેમાં (પત્ર ૨ આમાં) 'સંગ્રહણિ' શબ્દનો અર્થ અને એની સિદ્ધિ ઉપર મુજબ દર્શાવાઈ છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છે:—

"शास्त्रान्तरेषु—प्रज्ञापनादिषु विस्तरेणाभिहिता अर्था संक्षिप्य गृह्यन्ते—प्रतिपाद्यत्वेनाभिधीयन्ते यया ग्रन्थपद्धत्या सा 'सङ्ग्रहणिः'। उणादिकोऽनिप्रत्ययः।"

આ તેમજ વિવૃતિના પ્રારંભનું ત્રીજું પદ્ય જોતાં જણાય છે કે મલયગિરિસૂરિને 'સંગ્રહણિ' શબ્દ અભિપ્રેત છે ખરો, પણ 'સંગ્રહણી' શબ્દ અશુદ્ધ તો નથી અને એ શબ્દ પણ સંખિત્ત-સંગહણીના વૃત્તિકારને માન્ય છે. આથી મેં આ લેખમાં 'સંગ્રહણિ'-ના અર્થમાં સંગ્રહણી શબ્દ વાપર્યો છે.

'સંગ્રહણી' જેવા નામાંશવાળી કે એવી નામવાળી કૃતિઓ—જૈન સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરતાં જણાય છે કે કેટલીક જૈન કૃતિઓનાં નામના પ્રારંભમાં કે અંતમાં કે એના સંપૂર્ણ નામ તરીકે સંગહણિ, સંગહણી, સંગ્રહણિ કે સંગ્રહણી શબ્દ વપરાયો છે. આ જાતની તમામ કૃતિઓ તો હું અહીં ગણાવી શકું તેમ નથી. પરંતુ અત્યારે જે મને સ્ફુરે છે તેનાં નામ નીચે મુજબ સુચવું છું—

( ૧ ) સંગ્રહણીપદવિચાર.

( ૨ ) સંગહણીરયણ [ સંગ્રહણીરત્ન ] આને સંખિત્ત—સંગહણી પણ કહે છે.

( ૩ ) પણ્ણવણાતઈયપયસંગહણી [ પ્રજ્ઞાપના-તૃતીયપદસંગ્રહણી ].

( ૪ ) જીવાજીવાભિગમસંગહણી [ જીવાજીવા-ભિગમ સંગ્રહણી ].

( ૫ ) જમ્બુદ્દીવસંગહણી [જમ્બૂદ્વીપસંગ્રહણી]. આને 'ખેત્તસંગહણી' તેમજ 'લઘુસંગ્રહણી' પણ કહે છે.

( ૬ ) ધમ્મસંગહણિ [ ધર્મસંગ્રહણિ ].

( ૭ ) ખેત્તસંગહણી [ ક્ષેત્રસંગ્રહણી ] આને 'જંબૂદીવસંગહણી' તેમજ 'લઘુસંગહણી' પણ કહે છે.

( ૮ ) સંખિત્તસંગહણી [ સંક્ષિપ્ત—સંગ્રહણી ] આને સંગહણીરયણ પણ કહે છે.

( ૯ ) ધર્મરત્નસંગ્રહણી.

( ૧૦ ) બૃહત્સંગ્રહણી. આને 'સંગહણી' પણ કહે છે. આ નામથી બે કૃતિ ઓળખાવાય છે.

( ૧૧ ) લઘુસંગ્રહણી. આ નામની ચાર કૃતિ છે. એ પૈકી ગજસારકૃત કૃતિ સિવાયની [૧] ૩૦ ગાથા પૂરતી અજ્ઞાતકર્તૃક, [૨] ઉપર્યુક્ત જંબૂદીવ-સંગહણી અને [૩] હેમચન્દ્રકૃત એ ત્રણનો જિન-રત્નકોશ[ વિ. ૧, પૃ. ૩૩૬ ]માં ઉલ્લેખ છે.

( ૧૨ ) લઘુજંબૂદ્વીપસંગ્રહણી.

( ૧૩ ) સંગહણી [ સંગ્રહણી ]. આને 'બૃહ-ત્સંગ્રહણી' પણ કહે છે.

( ૧૪ ) સંગ્રહણી.

આમ મેં અહીં જે ચૌદ નામો નોંધ્યાં છે તે પૈકી કેટલાંક નામાંતર છે. એટલે સ્વતંત્ર કૃત-ઓની સંખ્યા ચૌદની નથી એમ સમજવાનું છે. એ પ્રત્યેકની રૂપરેખા હવે આલેખું છું, ને એનો પ્રારંભ જિનભદ્રગણિકૃત સંગહણીથી કરું છું :—

સંગહણી (સંગ્રહણી)—આ વિસેસાવસ્સયભાસ વગેરે મનનીય ગ્રંથોના પ્રણેતા જિનભદ્રગણિ ક્ષમા-શ્રમણની જઈણ મરહટ્ટી (જૈન માહારાષ્ટ્રી)માં આર્યામાં રચાયેલી કૃતિ છે.

પદ્યસંખ્યા—કર્તાએ કેટલાં પદ્યો રચ્યાં હશે તેનો અંતિમ નિર્ણય કરવો બાકી રહે છે. શ્રી ચન્દ્રસૂરિકૃત ૨૭૩ ગાથાની સંખિત્ત-સંગહણીના ઉપરની દેવભદ્રસૂરિકૃત વૃત્તિ(પત્ર ૧૨૧ આ )ગત નિમ્નલિખિત ઉલ્લેખ ઉપરથી જિનભદ્રગણિએ લગભગ ૨૭૫ પદ્યપૂરતી સંગહણી રચી હશે એમ ફલિત થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" ननु यदि संक्षिप्ततया प्रयोजनं तर्हि मूलसङ्ग्रहण्येवास्तु । किं पुनः प्रयासेन, प्रायस्तस्या अपि एतावन्मात्रत्वात्, तन्न, एतावतोऽर्थजातस्य तस्यामसम्पिण्डनात् ।"

પ્રક્ષેપ ગાથાની સંખ્યા

ઉપર્યુક્ત દેવભદ્રસૂરિના સમયમાં જિનભદ્રગણિકૃત સંગહણીની ગાથા ચાર સો કરતાં કંઇક ઓછી તેમજ પાંચ સો કરતાં કંઇક ઓછી સંખ્યામાં ઉપલબ્ધ હતી એમ એ સૂરિકૃત વૃત્તિ( પત્ર૩આ-૪અ )ની નીચે મુજબની પંક્તિ જોતાં જણાય છે :—

" आदौ भगवता वर्द्धमानस्वामिना देवादिस्थित्वाद्यर्थोऽभिहितस्ततः सुधर्मस्वामिना द्वादशाङ्ग्यां सूत्रतया निबद्धस्तत आर्यश्यामादिभिः प्रज्ञापनादिषूद्धृतस्तेभ्योऽपि जिनभद्रगणिक्षमाश्रमणेन सङ्ग्रहण्यामवतारितः, सा च यद्यपि न गुर्वी नापि लघ्वी, तथाप्यन्यान्यगाथाप्रक्षेपतो यावद्धुना किञ्चिदूनचतुःशतीमाना पञ्चशतीमाना च सञ्जाता "

" इयं पूर्वं भगवता जिनभद्रगणिक्षमाश्रमणेन बुद्धिमन्थेन श्रुताम्भोधिं सुधेवोद्धृता भव्योज्जीवनी संक्षिप्तसंग्रहणी, सा च मूलटीकागताभिरन्यान्याभिश्च प्रक्षेपगाथाभिर्वृद्धिं नीयमानाऽधुना यावत् किञ्चिन्न्यूनचतुःशतीमाना पञ्चशतीमाना च गुरुतरा सञ्जाता "

પરિમાણ પૂરતો આ જ ભાવાર્થ આ જ વૃત્તિ (પત્ર ૧૨૧ અ) માં નીચે પ્રમાણે રજૂ કરાયો છે:—

**વિવરણાત્મક સાહિત્ય**—સંગહણીનાં પદ્યોની સાચી સંખ્યા નક્કી કરવા માટેનો એક માર્ગ તે એના વિવરણાત્મક સાહિત્યનું પરિશીલન છે. આથી હું અહીં આ સંગહણીને લગતી સંસ્કૃત વૃત્તિ–ટીકાની નોંધ લઉં છું અને તેમાંયે પ્રકાશિત સાધનને આદ્ય સ્થાન આપું છું.

વિવૃતિ —આના રચનાર મલયગિરિસૂરિ છે. એમણે ૩૬૭ ગાથાનું–પદ્યનું સ્પષ્ટીકરણ પૂરું પાડ્યું છે. તેમ કરતી વેળા ૭૩મા પદ્યના સ્પષ્ટીકરણમાં એમણે નીચે મુજબ–ઉલ્લેખ કર્યો છે :—

" अथेयं प्रक्षेपगाथेति कथमवसीयते ? उच्यते–मूलटीकाकारेण हरिभद्रसूरिणा लेशतोऽप्यस्या असूचनात् । एवमुत्तरा अपि मतान्तरप्रतिपादिका गाथाः प्रक्षेपगाथा अवसेयाः । "

કહેવાની મતલબ એ છે કે આ પ્રક્ષેપગાથા છે એમ કેવી રીતે નિર્ણય કરાયો ? એનો ઉત્તર એ છે કે મૂલ ટીકાના પ્રણેતા હરિભદ્રસૂરિએ આનું લેશમાત્ર પણ સૂચન કર્યું નથી. આ પ્રમાણે હવે પછીની પણ મતાંતર દર્શાવનારી ગાથા પ્રક્ષેપ ગાથા જાણવી.

આ ઉપરથી નીચે પ્રમાણેની બાબતો ફલિત થાય છે :—

(૧) સંગહણીના મૂલટીકાકાર હરિભદ્રસૂરિ છે.

(૨) હરિભદ્રસૂરિકૃત ટીકા મલયગિરિસૂરિની સાથે છે.

(૩) આ ટીકામાં ૭૩મી ગાથા વિષે કશું જ સૂચન નથી એથી એ પ્રક્ષિપ્ત છે.

(૪) ૭૩મી ગાથા પછીની મતાંતરસૂચક કેટલીક ગાથાઓ પણ પ્રક્ષિપ્ત છે. મલયગિરિસૂરિએ ૭૯ સુધીની ગાથાને પ્રક્ષિપ્ત ગણી છે. એ હિસાબે મૂળ કૃતિની પદ્યસંખ્યા ૩૬૦ (૩૬૭–૭) ગણાય. આ કૃતિમાં સાત પદ્યો અન્યકર્તૃક છે. એ વિચારતાં જિનભદ્રગણિનાં પોતાનાં રચેલાં પદ્યો[1] ૩૫૩ (૩૬૦–૭) ગણાય. ઉપર્યુક્ત સાત પદ્યોના ક્રમાંક ૯, ૧૦, ૧૫, ૧૬, ૬૮, ૬૯ અને ૭૨ છે.[2]

હરિભદ્રસૂરિ તે કોણ ? આ બાબત મલયગિરિસૂરિએ કશો પ્રકાશ પાડ્યો નથી. ફક્ત એમને

૧ " જૈન આત્માનંદ સભા " તરફથી મલયગિરિસૂરિકૃત વિવૃત્તિ સહિત જે જિનભદ્રીય સંગહણી "બૃહત્સંગ્રહણી "ના નામથી છપાઈ છે તેના અંતમાં ૩૫૩ જ ગાથા અપાઇ છે.

૨ આ પૈકી પદ્ય ૬૮, ૬૯ અને ૭૨ સૂરપણ્ણત્તિમાં જોવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'મૂલટીકાકાર' કહ્યા છે. એ હરિભદ્રસૂરિ તે મહત્તરા-યાકિનીના ધર્મપુત્ર અનેકાંતજયપતાકા વગેરેના પ્રણેતા હોવા જોઇએ એમ નીચે મુજબની બાબતો વિચારતાં જણાય છેઃ

મલયગિરિસૂરિએ ઉપર્યુક્ત વિવૃતિમાં એક સ્થળે "અભિનવ ટીકા"નો ઉલ્લેખ કર્યાનું વારંવાર યાદ આવે છે. એવો ઉલ્લેખ ખરેખર હોય તો એ ટીકા હારિભદ્રીય ટીકા પછી રચાયેલી મનાય અને બંને ટીકા વચ્ચે વિશેષ અંતર હશે. જો તેમ જ હોય તો વિ. સં. ૧૧૭૨ માં બંધસામિત્ત વગેરેની અને વિ. ૧૧૮૫ માં પ્રશમરતિ ઉપર વૃત્તિ રચનાર હરિભદ્રસૂરિ તો આ સંભવે નહિ.

વિવૃતિ—આ શીલભદ્રની ૨૮૦૦ શ્લોક જેવડી અને વિ. સં. ૧૧૩૯ માં રચાયેલી વિવૃતિ છે. એઓ પૂર્ણભદ્રના શિષ્ય અને નમિસાધુના ગુરુ થાય છે. શું એમની આ વિવૃતિને મલયગિરિસૂરિએ "અભિનવ ટીકા" કહી છે? આ વિવૃતિ મલયગિરિસૂરિકૃત વિવૃતિ કરતાં પ્રાચીન છે એ હિસાબે એ પ્રકાશિત થવી ઘટે. તેમ થતાં એમાં સંગહણીની કેટલી ગાથાનું સ્પષ્ટીકરણ છે તે જોઇ મૂળ કૃતિની પ્રક્ષેપગાથા કઈ છે તે નક્કી કરવું સુગમ થઈ પડશે.

વૃત્તિ—આ મુનિપતિચરિત રચનારા હરિભદ્રસૂરિની એટલે કે ઉપર નોંધેલા બંધસામિત્ત ઈત્યાદિની વૃત્તિકારની વૃત્તિ છે એમ જિનરત્નકોશ (વિભાગ ૧, પૃ. ૨૮૬) માં ઉલ્લેખ છે. શું એ સમુચિત છે? પ્રકાશિત વિવૃતિ તેમજ અપ્રકાશિત વિવૃતિ વગેરે તપાસી સંગહણીનાં પદ્યોની અનુક્રમણિકા તૈયાર કરાય તો પ્રક્ષેપગાથા તારવવાનું કાર્ય સહેલાઈથી થઈ શકે.

વિષય—જિનભદ્રગણિએ સંગહણીમાં બીજી અને ત્રીજી ગાથામાં વિષય દર્શાવતાં કહ્યું છે કે હું નિમ્નલિખિત બાબતો કહીશ :—

દેવોની તેમજ નારકોની સ્થિતિ (આયુષ્ય), ભવન અને અવગાહના, મનુષ્ય અને તિર્યંચોનાં દેહનું માન અને આયુષ્યનું પ્રમાણ, ઉપપાત (ઉત્પત્તિ) અને ઉદ્વર્તના(ચ્યવન)નો વિરહકાલ, તથા એ બંનેની એક સમયે સંખ્યા તેમજ ગતિ અને આગતિ.

વિસ્તારથી કહું તો દેવો તેમજ નારકોને અંગે નીચે મુજબનાં નવ નવ દ્વાર આ કૃતિમાં વર્ણવાયાં છે :—

(૧) સ્થિતિ, (૨) ભવન, (૩) અવગાહના, (૪) ઉપપાતનો વિરહકાલ, (૫) ઉદ્વર્તનાનો વિરહકાલ, (૬) એક સમયમાં ઉપપાતની (ઉત્કૃષ્ટ) સંખ્યા, (૭) એક સમયમાં ઉદ્વર્તનાની (ઉત્કૃષ્ટ) સંખ્યા, (૮) ગતિ અને (૯) આગતિ. મનુષ્યો અને તિર્યંચોનું સ્થાન ચોક્કસ નહિ હોવાથી એ બંનેને અંગે સ્થિતિ સિવાયનાં આઠ આઠ દ્વાર વિચારાયાં છે. આમ એકંદર ૯+૯+૮+૮=૩૪ દ્વારનું અહીં વર્ણન છે.

ભાષાંતર—પ્રસ્તુત સંગહણીનું અને સાથે સાથે એના ઉપરની મલયગિરિસૂરિકૃત વિવૃતિનું ગુજરાતી સ્વ. કુંવરજી આણંદજીએ કર્યું છે. એ તદ્ગત યંત્રો સહિત "શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર" તરફથી વિ. સ. ૧૯૯૧માં પ્રસિદ્ધ કરાયું છે. અંતમાં શાસ્ત્રી જેઠાલાલ હરિભાઇએ તૈયાર કરેલાં ૪૧ યંત્રો અપાયાં છે.

સંખિત્ત-સંગહણી (સંક્ષિપ્ત-સંગ્રહણી)—આને સંગ્રહણી રત્ન પણ કહે છે. એના કર્તા 'મલધારી' હેમચન્દ્રસૂરિના શિષ્ય શ્રીચન્દ્રસૂરિ છે અને આ જ૦ મ૦માં આર્યામાં રચાયેલી કૃતિના ઉપર કર્તાના શિષ્ય દેવભદ્રસૂરિએ સંસ્કૃતમાં વૃત્તિ રચી છે. એ વૃત્તિ અનુસાર મૂળ કૃતિમાં ૨૭૩ પદ્યો છે. તેમ છતાં આજે લગભગ પાંચ સો જેટલી ગાથા કોઇ કોઇ હાથપોથી તેમજ કોઈ કોઈ મુદ્રિત પુસ્તકમાં જોવાય છે.

દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૧૫માં "શ્રી સંગ્રહણીસૂત્રમ્"ના નામથી જે પત્રાકાર આવૃત્તિ છપાવાઇ છે તેમાં ૨૭૩ પદ્યોની મૂળ કૃતિ અને એને અંગેની દેવભદ્રસૂરિકૃત વૃત્તિ છે.

શ્રી અમૃતલાલ પુરુષોત્તમદાસે વિ. સં. ૧૯૯૨માં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"[1]શ્રીબૃહત્સંગ્રહણી પ્રકરણ સાર્થ "ના નામથી જે પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે તેમાં ૩૧૮ પદ્યો છે.

" મુક્તિ—કમલ—જૈન—મોહન—-માલા" ના ૪૭મા પુષ્પ તરીકે[2] " ત્રૈલોક્યદીપિકા યાને બૃહત્સંગ્રહણીસૂત્રમ્ " અથવા જૈન ખગોળના નામથી જે પુસ્તક વિ. સં. ૧૯૯૫માં છપાવાયું છે તેમાં સંખિત્તસંગહણીની ૩૪૯ ગાથા અપાયેલી છે. જિનરત્નકોશ ( વિ. ૧, પૃ. ૪૦૯ )માં કહ્યું છે કે ભીમસી માણેકે ઈ. સ. ૧૯૦૩માં કેવળ મૂળ છપાવ્યું છે અને તેમાં ૩૪૯ ગાથા છે.

ભીમસી માણેકે ઈ. સ. ૧૯૧૨માં પ્રકરણરત્નાકરના ચોથા ભાગની ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ કરી છે. એમાં આ શ્રીચન્દ્રસૂરિકૃત સંખિતસંગહણીની ૩૧૮ ગાથા છે. સાથે સાથે શિવનિધાનકૃત બાલાવબોધ છે.

માસ્તર ઉમેદચંદ રાયચંદે અમદાવાદથી ઈ. સ. ૧૯૨૪માં[1] બૃહત્‌સંગહણીના નામથી શ્રીચન્દ્રસૂરિકૃત જે ગ્રંથ પ્રસિદ્ધ કર્યો છે તેમાં ૪૮૫ ગાથા છે. આની પ્રસ્તાવના(પૃ. ૩)માં શ્રીચન્દ્રસૂરિકૃત ગ્રંથનું વઢવાણવાળા શાસ્ત્રી હરિશંકર કાલીદાસે ગુજરાતીમાં ભાષાંતર કર્યાનો અને એ એમણે પ્રસિદ્ધ કર્યાનો ઉલ્લેખ છે, પણ એ શાસ્ત્રીએ કરેલું ભાષાંતર મારા જોવામાં આવ્યું નથી એટલે એમણે કેટલી ગાથા રજૂ કરી છે તે જાણવું બાકી રહે છે.

દેવભદ્રસૂરિના મતે ૨૭૩ ગાથા પૂરતી જ મૂળ કૃતિ છે તો પછી એ કૃતિનાં જે જે પ્રકાશનમાં એવી અધિક ગાથા અપાઈ હોય તેમાં પ્રક્ષેપગાથા જુદી દર્શાવાવી જોઈતી હતી. હવે તો જે નવીન પ્રકાશન થાય તેના સંપાદક મહાશય આ વાત લક્ષ્યમાં રાખશે, એવી આશા રહે છે. હા, જો એ પ્રકાશનમાં ૨૭૩ જ ગાથા અપાય તો તે વાત જુદી છે. તેમ છતાં આ કૃતિને અંગે અત્યાર સુધીમાં જે ગાથાઓ એક યા બીજા કારણે ઉમેરાઈ છે તેની સંપૂર્ણ સૂચી જો અપાશે તો જૈન સાહિત્યની એ પણ સેવા ગણાશે.

વિષય—સંખિત્તસંગહણીનો વિષય જિનભદ્રગણિકૃત સંગહણીના વિષય સાથે સર્વાંશે મળતો આવે છે—બંનેમાં ૩૪ દ્વારોની સમાનતા છે, અને એનુ કારણ એ છે કે શ્રીચન્દ્રસૂરિ જિનભદ્રગણિને અનુસર્યા છે. સંખિત્તસંગહણીમાં અર્થની સઘનતા અધિક પ્રમાણમાં હોવાનું એની વૃત્તિમાં દેવભદ્રસૂરિએ કહ્યું છે. એ બાબત સંખિત્તસંગહણીની જેટલી મુદ્રિત આવૃત્તિઓ મારા જોવામાં આવી છે તે પૈકી એકેમાં વિચારાયેલી નથી અને હું પણ અત્યારે તો એ કાર્ય, જ્યાં સુધી જિનભદ્રગણિકૃત સંગહણી અન્ય ટીકાઓ સહિત પ્રકાશિત ન થાય ત્યાં સુધી મુલતવી રાખું છું. એ દરમ્યાનમાં કોઈ સહૃદય સાક્ષર આ દિશામાં સુયોગ્ય પ્રકાશ પાડશે તો મને આનંદ થશે.

---

૧ આમાં સમગ્ર લખાણ ગુજરાતી લિપિમાં છે. એમાં મૂળ ગાથા આપી તદ્‌ગત શબ્દના ગુજરાતીમાં છૂટા અર્થ અને ત્યારબાદ ગુજરાતીમાં સામાન્ય ભાષાંતર ( શબ્દાર્થ પૂરતું ) અને વિવેચન છે. વિશેષમાં એમાં વિષયાનુક્રમણિકા. કેટલાક પ્રશ્નો, ૭૦ યંત્રો અને ચાર ચિત્રો. તેમજ અઢી દ્વીપનો નકશો છે. અંતમાં મૂળ ગાથાઓ અપાઈ છે, પરંતુ એની અકારાદિ ક્રમે સૂચી નથી એટલું જ નહિ પણ દેવભદ્રસૂરિની વૃત્તિ જોતાં જે ૪૫ ( ૩૧૮–૨૭૩) ગાથા પ્રક્ષિપ્ત ગણાય તેનો તે રીતે નિર્દેશ નથી. આ બે ન્યૂનતા અન્ય કેટલાંક સંપાદનોમાં પણ જોવાય છે.

૨ આમાં મૂળ કૃતિની પ્રત્યેક ગાથા અને એની સંસ્કૃત છાયા તેમજ ગુજરાતીમાં શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષાર્થ અપાયાં છે. વિશેષમાં એમાં ૬૫ ચિત્રો અને ૧૨૪ યંત્રો (પ્રકાશકના નિવેદનમાં ૭૩નો ઉલ્લેખ છે) આ ઉપરાંત અં ાં મૂળ કૃતિ ગુજરાતી ગાથાર્થ (ભાષાંતર) સહિત અપાઈ છે. આવા સંપાદનને વિશેષ મહત્ત્વપૂર્ણ બનાવવા માટે પદ્યોની અકારાદિ સૂચી તેમજ પ્રક્ષિપ્ત પદ્યોની તારવણી તેમજ જિનભદ્રીય સંગહણી સાથે અર્થદૃષ્ટિએ તુલના બાબતોને થ અપાવું ઘટે.

૧ આમાં ૪૮૫ ગાથાનું ગુજરાતીમાં કોઇકે કરેલું ભાષાંતર છે.—અન્વયાર્થ પ્રમાણેનો અર્થ અપાયો છે. સમગ્ર લખાણ દેવનાગરી (બાલબોધ) લિપિમાં છે. એમાં કેટલાંક કોષ્ટકો અપાયાં છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃત્તિ—આ શ્રીચન્દ્રસૂરિના—કર્તાના શિષ્ય દેવભદ્રસૂરિની રચના છે, અને એ પ્રકાશિત છે. એમાં જે ગ્રંથકારોનો ઉલ્લેખ છે તેની નોંધ પ્રો. વેલણકરે નિમ્નલિખિત સૂચીપત્રમાં લીધી છે.

"A Descriptive Catalogue of the Manuscripts in the Bombay Branch Royal Asiatic Society."

વ્યાખ્યા—આના કર્તા શિવનિધાનગણિ છે, એમ જિ. ર. કો. (વિભાગ ૧, પૃ. ૪૧૦) માં કહ્યું છે.

અવચૂરિ—'અંચલ' ગચ્છના મેરુતુંગસૂરિના શિષ્ય ધર્મનંદનગણિએ આ રચી છે.

અજ્ઞાતકર્તૃકવૃત્તિ—ઈત્યાદિ—એક અજ્ઞાનકર્તૃક વૃત્તિ તેમજ એવી એક અવચૂરિ મળે છે.

બે બાલાવબોધ—'તપ' ગચ્છના રત્નસિંહસૂરિના શિષ્ય દયાસિંહગણિએ વિ. સં. ૧૪૯૭માં એક બાલાવબોધ રચ્યો છે, જ્યારે બીજો બાલાવબોધ શિવનિધાનગણિએ વિ. સં. ૧૬૮૦માં રચ્યો છે. આ બીજો બાલાવબોધ તે જ ઉપર્યુક્ત વ્યાખ્યા જ હશે એમ લાગે છે. પ્રથમ બાલાવબોધ ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ મહત્ત્વનો છે.

ગુજરાતી ભાષાંતરો—આની મેં આ લેખમાં આ પૂર્વે યથાસ્થાન નોંધ લીધી છે.

લઘુજંબૂદ્વીપસંગ્રહણી—જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૩૩૫) પ્રમાણે આનું પરિમાણ ૧૩૬ શ્લોકનું છે. આની એક હાથપોથી પાટણના ભંડારમાં છે. એ જોવા મળ્યે વિશેષ પરિચય હું આપી શકું.

[1]જંબૂદ્વીવસંગહણી—આ જ૦ મ૦માં આર્યામાં ૨૯ પદ્યોમાં હરિભદ્રસૂરિએ રચેલી કૃતિ એમ પ્રભાનન્દસૂરિકૃત વૃત્તિ સહિત જે આ કૃતિ જૈ૦ ધ૦ પ્ર૦ સ૦ તરફથી ઈ. સ. ૧૯૧૫માં છપાવાઇ છે તે જોતાં જણાય છે. જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૧૩૧) પ્રમાણે તો મૂળ કૃતિમાં ૩૦ ગાથા છે અને એ પ્રમાણેની આ કૃતિ ભીમસી માણેકે ઈ. સ. ૧૯૦૮ માં છપાવી છે.

વિષય—પ્રસ્તુત કૃતિ જંબૂદ્વીપમાંના અમુક અમુક પદાર્થનો બોધ કરાવે છે. એમાં નિમ્નલિખિત દસ દ્વારનું નિરૂપણ છે :-

(૧) ખંડ, (૨) યોજન, (૩) વર્ષ યાને ક્ષેત્ર (૪) પર્વત, (૫) કૂટ (શિખર), (૬) તીર્થ, (૭) શ્રેણી (૮) વિજય, (૯) દ્રહ અને (૧૦) સલિલ (નદી) સાતમી ગાથા બે કરણસૂત્ર રજૂ કરે છે.

વૃત્તિ—પ્રસ્તુત કૃતિ ઉપર ત્રણ વૃત્તિ છે: (૧) 'કૃષ્ણ' ગચ્છના પ્રભાનંદસૂરિએ વિ. સં. ૧૩૬૦માં રચેલી. અને (૨–૩) બે [1]અજ્ઞાતકર્તૃક

પણ્ણવણાતઇયપયસંગહણી (પ્રજ્ઞાપનાતૃતીયપદસંગ્રહણી)—પણ્ણવણા નામના ચોથા ઉવંગ (ઉપાંગ) માં ૩૬ પય (પદ) છે. એમાંના ત્રીજા પદનું નામ 'અપ્પબહુત્ત' (અલ્પબહુત્વ) છે, આને અંગેની[2] ૧૩૩ ગાથાઓનો સંગ્રહ 'નવાંગી વૃત્તિકાર' અભયદેવસૂરિએ કર્યો છે. એ સંગ્રહને "પણ્ણવણાતઇયપયસંગહણી" કહે છે. એમાં જીવોનું વિવિધ દૃષ્ટિએ—દિશા વગેરેની અપેક્ષાએ—૨૭ દ્વાર દ્વારા અલ્પ-બહુત્વ દર્શાવાયું છે. આ નાનકડી કૃતિ અવચૂરિ સહિત "જૈન આત્માનંદસભા" તરફથી ભાવનગરથી વિ. સં. ૧૯૭૪ માં પ્રસિદ્ધ કરાઈ છે.

અવચૂર્ણિ—પ્રસ્તુત કૃતિ ઉપર કુલમંડનસૂરિએ સંસ્કૃતમાં વિ. સં. ૧૪૭૧ માં અવચૂર્ણિ રચી છે. એને જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૨૫૮) માં 'ટીકા' કહી છે. આનો સંક્ષિપ્ત પરિચય મેં મારા નિમ્નલિખિત વર્ણાત્મક સૂચીપત્રમાં આપ્યો છે:—

"Descriptive catalogue of the

---

૧ આ નામ ગ્રંથકારે ૨૯મા પ માં સૂચવ્યું છે, જ્યારે પ્રભાચન્દ્રસૂરિએ એનાં પ્રારંભમાં ક્ષેત્રસંગ્રહણી તરીકે અને અંતમાં—પ્રશસ્તિમાં ક્ષેત્રાદિસંગ્રહણી તરીકે ઉલ્લેખ કર્યો છે,

૧ આ પૈકી એકનો પ્રારંભ "શ્રી સર્વજ્ઞમહં નત્વા" થી થાય છે.

૨ આ પૈકી પહેલી બે ગાથા પણ્ણવણાની તૃતીય પદની આદ્ય ગાથ. છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Govt. Collections of Mss." (Vol XVII,) Pt. 1, p. 208)

બાલાવબોધ—આ જીવવિજયે વિ. સં. ૧૭૮૪ માં રચ્યો છે. એઓ 'તપ'ગચ્છના જ્ઞાનવિજયના શિષ્ય થાય છે.

જીવાજીવાભિગમસંગહણી (જીવાજીવાભિગમ-સંગ્રહણી)–ત્રીજા ઉવંગનું નામ જીવાજીવાભિગમ છે. એને લક્ષીને કોઇકે ૨૨૩ ગાથા રચી છે. એ ઉપર્યુક્ત ઉવંગનો સંક્ષિપ્ત પરિચયરૂપ હશે. એની એક જ હાથપોથી જિ. ર. કો. વિ. ૧. પૃ. ૧૪૩) માં નોંધાયેલી છે. એ હાથપોથી અહીંના—સુરતના "જૈનાનંદ પુસ્તકાલયમાં છે અને એનો ક્રમાંક ૧૫૪ છે. એ જોવા મળતાં વિશેષ માહિતી આપવાનો હું વિચાર રાખું છું.

સંગ્રહણીપદવિચાર–જિ૦ ર૦ કો૦ (વિ. ૧, પૃ. ૪૦૯ ) પ્રમાણે આના કર્તા દેવકુશળ છે અને વૃત્તિકાર દેવભદ્ર છે. આ બંનેની એકેક હાથપોથી અમદાવાદના ડહેલાના ભંડારમાં હોવાનું અહીં કહ્યું છે તો એ હાથપોથી જોઈ જઈ એના ઉપર પ્રકાશ પાડવા ત્યાં બિરાજતા શ્રમણવર્ગને મારી સાદર વિજ્ઞપ્તિ છે, કેમકે મને તો એ હાથપોથી અત્યારે તો મળે તેમ નથી.

સંગ્રહણી—આ રામચન્દ્રે પદ્યમાં સંસ્કૃતમાં રચી છે. એ ૪૦૦ શ્લોક જેવડી છે આ કોઈ સ્થળેથી પ્રકાશિત થઈ છે ખરી ?

વિયારછત્તીસિયાસુત્ત (વિચારષટ્ત્રિંશિકાસૂત્ર)-આ કૃતિ ધવલચન્દ્રના શિષ્ય ગજસારે જ૦ મ૦ માં ૪૪ પદ્યોમાં રચેલી કૃતિ છે. એ ચોવીસ દંડકોના નિરૂપણરૂપ હોઈ એને "દંડકપ્રકરણ" કહે છે. એના ઉપર કર્તાએ ભલે વિ. સં. ૧૫૭૯માં પાટણમાં અવચૂર્ણિ રચી છે. આ અવચૂર્ણિમાં પ્રસ્તુત કૃતિનો "વિચારષટ્ત્રિંશિકાસૂત્ર" તરીકે ઉલ્લેખ છે. ઉદયચન્દ્રના શિષ્ય રૂપચન્દ્રે વિ. સં. ૧૬૭૫માં વૃત્તિ રચી છે. એમાં પ્રારંભમાં આ કૃતિને લઘુસંગ્રહણી કહી છે. આ વૃત્તિ તેમજ સ્વોપજ્ઞ અવચૂર્ણિ મૂળ કૃતિ, એની છાયા, છૂટા શબ્દાર્થ અને ગુજરાતી વિવેચન સહિત ગ્રન્થપ્રકાશક સભાએ ઈ. સ. ૧૯૨૫માં પ્રકાશિત કરી છે.

ધર્મરત્નસંગ્રહણી—આ નામથી એક કૃતિ જિ૦ ર૦ કો૦( વિ. ૧, પૃ. ૧૯૨ )માં નોંધાયેલી છે, અહીં એના કર્તા તરીકે અભયદેવસૂરિનો અને એના વૃત્તિકાર તરીકે દેવસુંદરસૂરિના શિષ્ય કુલમંડનસૂરિનો ઉલ્લેખ છે. પ્રસ્તુત વૃત્તિ વિ. સં. ૧૪૪૧માં રચાયાનું અહીં કહ્યું છે. પ્રસ્તુત પણ્ણવણાતઇયપયસંગ્રહણી તો નથી એવો પ્રશ્ન મને સ્ફુરે છે, પણ એનો ઉત્તર આપવા માટે કોઇ વિશિષ્ટ સાધન અત્યારે તો ન હોવાથી એ હું આપી શકતો નથી.

ધમ્મસંગહણિ (ધર્મસંગ્રહણિ)—આ જ૦ મ૦ માં ૧૩૯૬ પદ્યમાં સમભાવભાવી હરિભદ્રસૂરિની રચના છે. આ ધર્મની વ્યાખ્યા, નિક્ષેપ ઇત્યાદિ વિવિધ વિષયો ઉપર મહત્ત્વપૂર્ણ પ્રકાશ પાડનારી કૃતિ મલયગિરિસૂરિકૃત[1] વૃત્તિ સહિત દે. લા. જૈ. પુ. સંસ્થા તરફથી બે ભાગમાં અનુક્રમે ઇ. સ ૧૯૧૬ અને ૧૯૧૮માં પ્રસિદ્ધ કરાઇ છે. પ્રસ્તુત કૃતિ વિષે મેં સવૃત્તિક અનેકાન્તજયપતાકા( ખંડ ૨ )ના મારા અંગ્રેજી ઉપોદ્ઘાત( પૃ. ૨૫–૨૬ )માં તેમજ મારા નિમ્નલિખિત ગુજરાતી પુસ્તકમાં માહિતી આપી હોવાથી અહીં હું એ સંબંધમાં કશું વિશેષ કહેતો નથી.

"મહત્તરા યાકિનીના ધર્મપુત્ર શ્રી હરિભદ્રસૂરિ: જીવન અને કવન."

જિ. ર. કો૦( વિ. ૧, પૃ. ૧૯૪ )માં એક અજ્ઞાતકર્તૃક કૃતિની નોંધ છે. ત્યાં કહ્યું છે કે આ હારિભદ્રીય ( ઉપર્યુક્ત ) ધર્મસંગ્રહણી હોવા સંભવ છે. એને અંગે નીચે મુજબનું વિવરણાત્મક સાહિત્ય હોવાનો અહીં ઉલ્લેખ છે :—

(૧) મલધારી હેમચન્દ્રસૂરિના શિષ્યે રચેલી વૃત્તિ.

(૨–૩) બે ટિપ્પન. એકના કર્તા હેમચન્દ્રસૂરિ છે, જ્યારે બીજાના કર્તાનું નામ જાણવામાં નથી.

---

૧ આ ૧૨૦૦૦ શ્લોક જેવડી છે. એને લક્ષ્યમાં રાખી મૂળ કૃતિનો વિવેચનપૂર્વક ગુજરાતીમાં અનુવાદ તૈયાર કરાવાય અને એ પ્રકાશિત કરાય તો જૈન સાહિત્યની સબળ પ્રભાવના થાય તેમ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

# પ્રબળ મન

પ્રથમ તમારું મન અત્યંત ઉચ્ચ છે એવું કલ્પનામાં જુઓ. પછી તેની પ્રત્યેક શક્તિને તમે જે પ્રકારની કરવા ધારતા હો તે પ્રકારની તેને કલ્પનામાં જુઓ. ત્યારપછી આવી ઉચ્ચ શક્તિઓને પરિણામે તમારૂં જીવન અને ભવિષ્ય જે પ્રકારનાં તમે રચવા માગતા હો તે પણ તમારી કલ્પનામાં સ્થિર કરો. નવરાશનો સમય તમારી કલ્પનાના ચિત્રોને પુનઃ પુનઃ અવલોકી જવામાં ગાળો. નકામી શંકાઓ અને ભવિષ્યમાં આવી પડવાનાં દુઃખોનાં માલ વગરનાં ચિત્રો રચવામાં તમારી કલ્પનાશક્તિનો ઉપયોગ કરશો નહિ. પરંતુ જે ઉચ્ચ પ્રકારનું જીવન રચવાની તમે યોજના ઘડી કાઢી છે તેને ફરી ફરીને માનસિક દૃષ્ટિ સામે રજૂ કરવામાં આ શક્તિનો ઉપયોગ કરો. તમારી યોજનામાં કોઈવાર સુધારો કરવાની જરૂર જણાય તો તેમ કરવામાં કશી હરકત નથી. એમ કરવાથી તમારી માનસિક સ્થિતિમાં કંઈ અવ્યવસ્થા આવી જશે એમ માનશો નહિ. મનને રચવાના તમારા કરી મૂકેલા નકશામાં કંઈ સુધારા થશે તો તમારૂં મન તે સુધારા પ્રમાણે વિકાસ પામવા માંડશે. જેમ કળીનો વિકાસ થઈને તેનું પુષ્પ બને છે. પુષ્પનો વિકાસ થઈને બીજવાળું ફળ અથવા શિંગ થાય છે અને ફળમાંથી ઝાડ થઈને તેમાં ફરી કળીઓ અને પુષ્પો થાય છે તેમ તમારૂં જૂનું મન બદલાઈને ધીરે ધીરે નવું રૂપ ધારણ કરવા લાગશે.

મુનિશ્રી કલ્યાણચંદ્રજી

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ : : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ ભાવનગર.

For Private And Personal Use Only